જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૬/૨૦૨૩ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૬૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૦૦ કેસ કરી, ૧૦૬ વ્યક્તિઓને ઝડપી, ૪૩૪ લીટર દેશી દારૂ, ૪૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૨ બિયર ટીન, ૦૧ સ્કુટર, ૦૧ રીક્ષા અને ૦૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૮ કેસ કરી ૩૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૭,૮૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૬૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૮૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૪૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૯૭૦/૨૦૨૩

**નિકોલ**: સંજયભાઇ હીરાલાલ કોઠારી (ઉ.વ.૪૫) (રહે. નાકોડા પાર્ક સોસાયટી સુજાતા ફ્લેટ સામે શાહીબાગ) એ તા.૧૪/૦૬/૨૦૨૩ ના રોજ નિકોલ પોલીસ સેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૦૬/૨૦૨૩ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે સંજયભાઇ કોઠારી નિકોલ નારાયણનગર સરસ્વતીનગર સોસાયટી આગળથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે બે મોટર સાયકલ ઉપર આવેલ ત્રણ પુરૂષોએ ભેગા મળી સંજયભાઇ કોઠારીની એક્ટીવા ઊભી રખાવી “એકસીડન્ટ કર્યો છે” તેમ કહી વાતોમાં વ્યસ્ત રાખી નજર ચુકવી એક્ટીવાની ડેકીમાંથી રોકડ રૂપિયા ૬,૦૦,૦૦૦/- સાથે કપડાની થેલી ચોરી કરી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એલ.સિસોદીયા ચલાવે છે.

## વાહન ચોરીઃ- સમાચાર યાદી નં.૯૭૧/૨૦૨૩

**સરખેજ**: સુરેન્દ્રસિંહ રૂપસિંહ રાણાવત (રહે.ઓફીસ નંબર-૬૨૨ ફોર્ચ્યુન બીઝનેશ હબ સાયન્સ સીટી પાસે સોલા) એ તા.૧૪/૦૬/૨૦૨૩ ના સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૪/૨૦૨૩ કલાક ૧૨/૩૦ થી તા.૨૪/૦૪/૨૦૨૩ બપોરના ૩/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સરખેજ સાણંદ હાઈ-વે રત્નદિપ હોટલ નજીક પાર્ક પરેલ સ્કોર્પીયો ગાડી નંબર આરજે ૨૭ યુસી ૦૫૪૧ કિમત રૂપિયા ૧૫,૦૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી સી.એમ.કણસાગરા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૯૭૨/૨૦૨૩**

**રીવરફ્રન્ટ વેસ્ટ**: વિશાલ બાબુભાઇ મકવાણા (ઉ.વ.૨૬) (રહે. પુનિત ફ્લેટ પોલીસ લાઇન સામે રાણીપ) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૬/૨૦૨૩ કલાક ૬/૧૦ વાગ્યા પહેલા સાહિત્ય પરિષદ પાછળ સીડી નંબર-૩૧ પાસે વોક-વે નદીના પાણીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અગેની તપાસ હે.કો.શ્રી પરેશકુમાર કાનજીભાઈ ચલાવે છે.

**વટવા જી.આઈ.ડી.સી.**: રાજનભાઈ સ/ઓ હજારીલાલ વર્મા (ઉ.વ.૪૩) (રહે. દેવગંગા એપાર્ટમેન્ટ સમીર હોટલ પાસે વટવા જીઆઈડીસી) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૬/૨૦૨૩ સાંજના ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોંધી આ અગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એલ.વાઘેલા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી